# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૪૦ • તા.૧૪ ડિસેમ્બર થી ૨૦ ડિસેમ્બર ૨૦૨૪



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.




# પ.પૂ.સાધ્વી શ્રી સંયમગુણાશ્રીજી મ.સા. સંયમ જીવનના સફળ ૪૭મા વર્ષમાં પાવન પ્રવેશ કર્યો

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member





# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)


જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# જીવનના સુખ મળે એ પ્રભુની પ્રસાદી

જીવનમાં સાચું સુખ અને શાંતિ આપણા હૃદયમાંથી જન્મે છે. મનની શાંતિ વગર મળતા સુખચેન અંજપો પેદા કરે છે. સારી દ્રષ્ટિ સાથે સારા ભાવ, સારા વિચારો સાથે પરહિત કલ્યાણની કામના હોય તો દુનિયા બદલાઈ જાય છે. સારી દ્રષ્ટિ કેળવવા ગુણાનુ રાગી બનવું પડે છે. નકારાત્મક વલણ, શંકા, પૂર્વગ્રહ, ઈર્ષા અદેખાઈના ભાવ સાથો સાથ અવિશ્વાસ, જડ માન્યતા દૂર કરવી પડે છે. ભ્રાતૃભાવના કેળવવાથી અન્ય તથા અજાણી વ્યક્તિઓનો પ્રેમ પામી શકાય છે. પ્રેમએ જીવનનું મીઠું અને મોંઘુ અમૃત છે. તે પૈસાથી કદી મળતું નથી. પ્રેમ આપીને પ્રેમ લઈ શકાશે. જીવનમાંથી જેટલો પ્રેમ બીજા માટે ઢોળીશું, વહાવી શું તેટલો તે આપણને સામો પ્રાપ્ત થશે.

સુખ ત્રણ પ્રકારના છે. તન, મન અને ધનનું. માણસ માત્રની ઈચ્છા કે કામના આ ત્રણેય સુખ મળે એ હોય છે. પણ, હકીકતમાં આ ત્રણેય સુખ કોઈને મળતાં નથી. સૌ જણ ધનનું સુખ મળે એની કામના કરે છે. પણ મનમાં શાંતિ નહીં હોય કે તન નિરોગીમય નહીં હોય તો શું સુખ ભોગવવા મળશે? પહેલું સુખ જાતે નર્યા. શરીર સ્વસ્થ, તન તંદુરસ્ત હશે તો જે સુખની ઓછપ હશે તેને પ્રાપ્ત કરવા પુરૂષાર્થ કરી શકાશે માટે તનનું સુખ પ્રથમ પ્રાપ્ત થવું જરૂરી છે. શારીરિક શક્તિનો ઉપયોગ શ્રમ કરવા માટે તેમજ આનંદ પ્રમોદ માટે પણ થઈ શકશે.

એવુંજ મનનું છે. ડગુમગુ વિચલિત મન કોઈ સુખને સુખેથી ભોગવા ન દેશે. શરીર બીમાર હોય તો એકવાર ચાલી જાય. પણ જો મન કમજોર તાકતહીન અને અશાંત હશે તો જીવનમાં ઉત્પાત સર્જી દેશે. જીવનમાં ક્ષમતા અને સ્થિરતા મન દ્વારા મળે છે. મનમાં તૃપ્તિ ન હોય. સંતોષ રોટલાને મીઠો અને મોંઘેરો બનાવી દે છે. જે મળ્યું છે તેને સુખીથી માણવાના ભાવ મન જ પેદા કરે છે. ચંચળવૃતિ ધરાવતું મન પોતે પણ અશાંત રહે છે અને આપણા સમગ્ર જીવનને અશાંત અને ઉપદ્રવી કરે છે.

તન, મન અને ધનના સુખ સાથો સાથ મળે એ માનવી ખરેખર ભાગ્યશાળી ગણાય. ધનથી ભૌતિક વસ્તુઓ, બજારૂ જણ સો તો આસાનીથી ખરીદી શકાય છે. પણ આનંદ અને ખુશી જરૂરી છે. તે વગર જીવન શુષ્ક અને રસવિહીન બની જાય છે. કોઈનો છળ, કપટ કરી પ્રાપ્ત કરેલું ધન કે સંપતિ આખરે અશાંતિ આપે છે અને વિનાશના કારણો સર્જે છે.

તનનું આરોગ્ય મનમાં શાંતિ અને પર્યાય પુરૂષાર્થથી પ્રાપ્ત થયેલું ધન એ પ્રભુ પરમાત્મા દ્વારા મળેલી પ્રસાદી છે. અનહદ કૃપા છે. પોતાને મળેલા સુખ અન્યો માટે વાપરવા એનો આનંદ અઢળક છે. પોતાને પ્રભુકૃપાએ મળેલ સુખ અન્ય માટે ખુશી સર્જે એનો આનંદ અનેરો હોય છે. જે હૃદયમાં સમાતો નથી. માટે તન, મન અને ધનનો ત્રિવિધ સુખની જાળવણી જતનપૂર્વક કરવી.

– જય જ્ઞાતિમૈયા

# મિત્રો-આપણી ઓળખ

આપણી ઓળખ આપણો સ્વભાવ છે અને સ્વભાવ અંગતથી આવે છે. સંસ્કાર સંગતથી મળે છે. એટલે આપણા સંગાતી દોસ્તો આપણી ખરી ઓળખ છે. વ્યક્તિની ઓળખ કરવી હોય તો વડીલ જ્ઞાની કહે છે કે એના મિત્રો કોણ છે એને મળવું-જાણવું જોઈએ. મિત્રોની તપાસ કરી લેવાથી તેના સાથી સંગાથીના સ્વભાવ-સંસ્કાર-વ્યવહારનો પરિચય વગર મેળાપે આપો આપ મળી જાય છે. કોઈપણ વ્યક્તિને તેના જેવા મિત્રો સાથે ફાવતું હોય છે જેવો તેનો પોતાનો સ્વભાવ, શોખ, આદત, વિચાર હોય છે. બે દોસ્ત વચ્ચે કોઈ પદ, સંપત્તિ કે ઉચ્ચ નીચની સમાનતા નથી હોતી, હોય છે તો માત્ર એકમેકને અનુકુળ સંગાથ-સોબત.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

દોસ્તી ચર્ચાનો વિષય જ નથી. દોસ્તી તો જીવવાનો વિષય છે. આપણા અંતરંગી-દિલોજાન મિત્રો હોય એ ભગવાને આપણા વરસાવેલી કૃપા છે. એક સમજુએ ભગવાનને પ્રાર્થના કરતાં કહ્યું કે પ્રભુ તું મને ગમે તેટલા દુઃખ આપજે હું સહન કરીશ પણ સાથે એટલી વિનંતી છે કે મને એવા મિત્રો આપજે જેની પાસે હું મારૂં હૈયું હલકું કરી શકું. આપણું દુઃખ હળવા કરવા માટે મિત્રો જેવો સરળ માર્ગ બીજો કોઈ નથી. સારા મિત્રો હોય તેને સાઈકિયાટ્રીસ્ટ પાસે જવાની જરૂર પડતી નથી. જેની પાસે ગાંડા કાઢી શકાય, બેફામ બેધડક વર્તી શકાય અનપ-સનપ બોલી શકાય એવા સહનશીલ મિત્રો હોય તે માણસ ડાહ્યો છે. માણસ પોતાના દિલોજાન મિત્ર પાસે જેવો છે તેવો વર્તી શકે છે બાકીની સાથે તો આપણે સામેવાળાને અનુકુળ હોય એ પ્રમાણે વર્તવું પડે છે કે આપણું સારું લાગે એ મુજબ ચાલ ચલગત રાખવી પડે છે.

ચહેરાની ભાષા વાંચી સૌથી સારી ઉકેલી શકે છે મિત્રો. આપણા બોલ ચાલ વર્તનથી આપણો મૂડ કેવો છે એની પહેચાન જે સહેલાઈ કરી લે છે મિત્ર. આપણી આદત, આપણી દાનતને આપણા રગે રગથી વાકેફ હોય છે. દોસ્ત એટલે એવો કિનારો જ્યાં કોઈ તોફાની મઝધારથી ઝઝૂમીને લાંગરી શકાય છે. બેસ્ટ ફ્રેન્ડ જે આંગળીના વેઢે ગણી શકાય. એટલા હોય છે એવા મિત્રો સાથે મોકળા મને હસી શકાય છે ને ધ્રુસકે ધ્રુસકે તેને ખભે માથું મૂકી રડી શકાય છે. મર્દને દર્દ થતું નથી પણ એ દર્દ મિત્ર પાસે નિખાલસતાથી વ્યક્ત કરી શકાય ને કોઈ પણ વાત કહેતા પહેલા એવું કહેવું પડતું નથી કે 'કોઈને કહેતો નહીં'

બે છોકરા વચ્ચે કે બે છોકરીઓ વચ્ચે અથવા છોકરા-છોકરી વચ્ચે પણસાચી દોસ્તી બનતી હોય છે. ભલે જોવાવાળા બંન્ને વચ્ચે કંઈક હોવાની શંકા પ્રેરે. પણ મહાભારત કથામાં દ્રોપદી કૃષ્ણની મિત્રતા-સખા ભાવ એક પવિત્ર અને ચરિત્ર. ગાથાની એક અલગ ઓળખ આપે છે. એક આદર્શ ઉદાહરણ બતાવે છે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# પ.પૂ.સાધ્વી શ્રી સંયમગુણાશ્રીજી મ.સા. સંયમ જીવનના સફળ ૪૭ મા વર્ષમાં પાવન પ્રવેશ કર્યો



કચ્છ ગામ લાલાના માતુશ્રી માનબાઈ દામજી મૈશેરીના ગુણ સંસ્કારી પુત્રી વિક્રમ સંવત ૨૦૩૫ માગસર સુદ ૧૧ તિથિ દિને મુલુંડ નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે આત્મ મોક્ષના ભાવથી દીક્ષા ગ્રહણ કરી ગુરૂમૈયા પ.પૂ. સાધ્વીશ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા થઈ પ.પૂ. સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા.નામ સ્વીકારી સંયમ જીવન પથના સફરનો પ્રારંભ કર્યો.

આજે વિક્રમ સંવત ૨૦૮૧ માગસર સુદ ૧૧ તિથિ દિને સાહેબજી ધર્મ-તપ-ત્યાગ અને આરાધના કરતાં ૪૬ વર્ષ પરિપૂર્ણ કરી સફળપણે ૪૭ વર્ષમાં પ્રવેશ કર્યો. આ ધન્ય દિને ગુરૂભક્તોની મંગળ કામના છે કે પૂજ્ય સાહેબ સુર્વણ, હીરક, અમૃત વર્ષથી અવિરત આગળ વધી શતક વર્ષના સર્વોચ્ચ શિખરે બિરાજમાન થાય. આજના દિવસે સાહેબના શત શત વધામણા સાથે વંદન-અભિનંદન.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સંયમ જીવનના ૪૬ વર્ષ પૂર્ણ કરતા પૂજ્ય સાહેબને ૪૫૦ ક્યુબથી મોઝેક પોટ્રેટ બનાવી અભિનંદન આપ્યાં

નલિયાના રાજલ રૂપેન છેડા, રિધ્ધિ રૂપેન છેડા અને પરજાઉના રેશ્મા વિવેક દંડ એ પોતાની કલા કૌવતને દર્શાવી સંયમ જીવનના ૪૬ વર્ષ પૂર્ણ કરી ૪૭ મા વર્ષમાં પ્રવેશ કરેલ. પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા.ને ૪૫૦ રૂબિક ક્યુબ્સનો ઉપયોગ કરી મોઝેક પોટ્રેટ બનાવીને અભિનંદન આપ્યા હતા.

વર્ષ ૨૦૦૯માં લાયન્સ ક્લબમાં મોઝેક પોટ્રેટ બનાવી હતી. નોબલ બુક ઓફ રેકોર્ડ અને બીજું ટેલેન્ટ બુક ઓફ રેકોર્ડ માટે પાર્ટિશિયન કર્યું હતું અને જવાહરલાલ નહેરૂ અને રાજેન્દ્ર પ્રસાદનું તથા લતા મંગેશકરના પોર્ટેટ બનાવી રેકોર્ડ બનાવ્યું હતું. તેમના કલેક્શનમાં ૧૫૦ ક્યુબ સચવાયેલા છે.









|| શ્રી ગોડીયા પાર્શ્વનાથાય નમઃ ||

# શ્રી પાર્શ્વનાથ જૈન દેરાસરજી અને ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટ

રાપરગઢવારી (તા. અબડાસા) કચ્છ નગરે

## શ્રી ગોડીયા પાર્શ્વનાથ જિનાલયની પ્રથમ વર્ષગાંઠે



# ધ્વજારોહણ મહોત્સવ

આ પ્રસંગે સકળ સંઘ તથા નિયાણી બહેનોને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે...

**શ્રી રાપરગઢ નાની સિંધોડી ગામ વાસીઓ / નિયાણી બહેનો,**

**પ્રણામ**

નમ્ર નિવેદન સાથે જણાવવા નું કે શ્રી રાપર તીર્થ મંડન શ્રી ગોડિયાજી પાર્શ્વનાથ નુતન જીનાલય ની

## દ્વિતીય ધ્વજારોહણ મહોત્સવ

| | | |
|---|---|---|
| અઢાર અભિષેક | : | મહા સુદ ૧૫ ને તા. ૧૨.૦૨.૨૦૨૫ બુધવાર, બપોરે ૧.૩૦ થી ૪.૩૦ વાગે, |
| ભક્તિભાવના | : | સાંજના ૭.૩૦ થી ૧૦.૦૦ |
| સ્નાત્ર પુજા | : | મહા વદ ૧ ને તા. ૧૩.૦૨.૨૦૨૫ ગુરૂવાર |
| સત્તરભેદી પુજા – અને ધ્વજારોહણ | : | સવારનાં ૯.૦૦ થી ૧.૩૦ વાગે નિધરિલ છે. |

-: સંપુર્ણ અનુષ્ઠાન ના લાભાર્થી :-

**માતૃશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર**

**અ.સૌ. નિશાબેન હિતેશ માણેકજી મોતા**

રાપરગઢવારી (તા. અબડાસા) કચ્છ

લિ. શ્રી પાર્શ્વનાથજી જૈન દેરાસરજી અને ક.દ.ઓ મહાજન ટ્રસ્ટ- રાપરગઢવારી,
રાપરગઢવારી નાનીસિંધોડી ક.દ.ઓ જૈન સંઘ

# અમારા પરિવારના પરમ ઉપકારી ગુરૂભગવંતને જન્મદિનની શુભકામના...

સંઘ શાસન કૌશલ્યાધાર, પરમાર્થ મૂર્તિ,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી




## કલાપ્રભસાગરસૂરીશ્વરજી

## મહારાજા સાહેબ ને

## 72મા જન્મદિવસે

## ભાવભરી કોટિ કોટિ વંદના



**હે પરમ ઉપકારી ગુરૂવર !**

**આશીર્વાદ આપતા રહો કે અમે પણ ધર્મમય જીવન જીવીએ,**
**આરાધક આત્મા બનીએ એજ અંતરની આરઝુ...**

આપ શતાયુ બની અચલગચ્છની આભા સમગ્ર વિશ્વમાં પ્રસરાવો
એજ **અમ પરિવારની** શુભ ભાવના...

**અમારા શ્રી પરિવાર ઉપર જેમના આશીર્વાદ નિરંતર વરસતા રહે છે**
**એવા અમારા શ્રી સંઘના હિતકર, વાત્સલ્યદાયી**
**એવા ગુરુ ભગવંતને અમારી અભિવંદના.**

**જન્મદિને અહોભાવથી**
**વંદનમ્... અભિનંદનમ્... અભિવાદનમ્...**

## જયમન લેરીન ખોના (પવઈ – સુજાપુર)

# પ.પૂ.સાધ્વીશ્રી મૌનગુણાશ્રીજી મ.સા.એ સંયમ જીવનના ૪૬ વર્ષ સકુશલ પૂર્ણ કર્યા



જસાપરના માવિત્ર માતુશ્રી લક્ષ્મીબેન વેલજી ત્રિકમજી ધરમશીના ધર્મભાવનુરાગી સુપુત્રી આત્મકલ્યાણનો અડગ નિશ્ચય કરી વિક્રમ સંવત ૨૦૩૫ માગસર સુદી ૧૧ના તિથિ દિને મુલુંડ નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી સંયમ જીવનનો પ્રારંભ ગુરૂવર્ય પ.પૂ.સાધ્વીશ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્ય બની પ.પૂ.સાધ્વીશ્રી મૌનગુણાશ્રીજી મ.સા.ના નૂતન નામથી કર્યો.

તપ, ત્યાગ, ધર્મ, આરાધના અને ભક્તિના ભાવથી અવિરત આગળ વધતાં પૂજ્ય સાહેબજી વિક્રમ સંવત ૨૦૮૧ માગસર સુદ એકાદશી તિથિ દિને સકુશળ રીતે સંયમ જીવનના ૪૬ વર્ષ પરિપૂર્ણ કરી ૪૭ મા વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો છે.

આ અવિસ્મરણીય દિવસે ગુરૂ ભક્તોની મંગલ કામના, ભાવના છે કે પૂજ્ય સાહેબ અખંડપણે આગળ વધતા રહી સુવર્ણ, હીરક, અમૃત વર્ષની આગળ વધી શતક વર્ષના સર્વોત્તમ શિખરે બિરાજીત થાય. પૂજ્ય સાહેબને શત શત વંદના.


|| દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ||

|| વિધિપક્ષ અચલગચ્છ પ્રર્વતક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરૂભ્યો નમઃ ||

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી-ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ)
પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

**શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ**

**શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ**
**આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ**

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોધ્ધાર... નવ નિર્માણ

**તીર્થ સંસ્થાપક :** શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા**

**તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક :** પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા**

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**
**વિ.સં. ૨૦૮૧ મહા વદ-૧ ગુરૂવાર. ૧૩/૨/૨૦૨૫**
**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

**ઉત્તમ ભોજનશાળા - એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા**

**● સંપર્કઃ મેનેજર - ભરતભાઈ દંડ - 9929917712**

**સૌજન્ય : શ્રી વિપુલ શીવજીભાઈ લોડાયા (રાપરગઢવારી-કચ્છ)**

શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન,
મેડિકલ સમિતિ



KDO
SANJIVANI

# કેડીઓ સંજીવની

## માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે

### સંપર્ક:

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડૉ. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |

# યવતમાલ સંઘમાં શ્રી સીમંધર આર્ય ગુણ કલ્યાણોત્સવ રથ યાત્રાનું આગમન થયું



રવિવાર, તા.૮ ડિસેમ્બરના યવતમાલ સંઘના કેસરિયા ભવન, સુમતિનાથ પ્રભુ જિનાલયના પ્રાંગણમાં શ્રી સીમંધર આર્યગુણ કલ્યાણોત્સવ રથયાત્રાનું સાંજે ૪.30 થી ૬ દરમ્યાન પાવન આગમન થયું.

આ મંગલ અવસરે શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘના વડા સુભાષ બાબુ જૈન, વિર્દભ કવીઓ જૈન મહાજનના મોભી રમેશભાઈ છેડા, યવતમાલ ક.દ.ઓ. મહાજનના અગ્રણી વિક્રમભાઈ શાહ-ધરમશી ઉપસ્થિત રહ્યાં હતાં. શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘના ટ્રસ્ટી મનિષ શાહ-ધરમશી, એડવોકેટ સંજય કોચર, રાજુ બાબુ જૈન, અમીબેન ધરમશી, લતાબેન નાગડા, હેમાબેન છેડા, ડિમ્પલ શાહ, પુષ્પા ભાભી જૈન, સંગીતા લોડાયા, પૂર્વેશ લોડાયા, પંક્તિ જૈન, પ્રકાશચંદ્ર કોચર, અનિલ ડોલસ, ગજાનન વાધાડેની પણ સંગાથે ઉપસ્થિત રહી હતી.





# સમસ્ત મહાજનની B2B કમિટીના બિઝનેસ વોટસઅપ ગ્રુપ ફેસબુકમાં જોડાઈ વ્યાપારનો વ્યાપ વધારો

કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના વ્યવસાયિકો આપેલ લિન્ક દ્વારા વોટસએપ ગ્રુપમાં જોડાઈ વ્યાપારનો પ્રસાર વધારો. આ વોટ્સએપ બિઝનેસ ગ્રુપનો ઉદ્દેશ જ્ઞાતિજનોના અરસ પરસ વ્યાપાર વિકસે અને મહતમ ખરીદી/વેચાણને પ્રથમ પસંદગી ફક્ત કેડીઓને મળે એ છે. ચાલો નાનાને પ્રોત્સાહન આપીએ તેને ઉપર લાવીએ. તેના વ્યાપારની પ્રગતિ કરીએ.

વોટસઍપ ગ્રુપમાં ૧૦૦૦ જેટલા સભ્યો જોડાયા છે. જ્યારે ફેસબુક ઉપર ૫૫૦૦ જેટલા સભ્યો છે.

**વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે આ લીંક પર કલીક કરો**

**ફેસબુકમાં જોડાવવા માટે આ લીંક પર કલીક કરો**

# તીરૂપુર સંઘના શ્રી સુવિધિનાથ જિનાલયનો ૩૯મો ધ્વજા મહોત્સવ અદ્‌ભૂત ઉત્સાહભેર થયો





તા.૧૧ ડિસેમ્બર બુધવારના દક્ષિણ ભારતના તિરૂપુર નગર સંઘના શ્રી સુવિધિનાથ જિનાલયનો ૩૯ મો ધ્વજા મહોત્સવ પ્રસંગે સત્તરભેદી પૂજા અને વિવિધ ધર્મ આરાધના કરી. જસગુલાબ નીટસ, વિકી મુનોત પરિવાર લાભાર્થી હતા. આ પ્રસંગે પેંડાની પ્રભાવના સંઘ દ્વારા કરવામાં આવી હતી. શ્રી સુવિધિનાથ જિનાલયના ટ્રસ્ટીઓએ કાર્યક્રમ માટે જરૂરી તમામ વ્યવસ્થા સુચારૂપણે કરી હતી.





## આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી ડીસેમ્બરથી ફેબ્રુઆરી માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૧૫ ડીસેમ્બર ૨૦૨૪ | શ્રી ક દ ઓ મંડળ ડોમ્બિવલી આયોજિત એક દિવસીય પિકનીક ધ ગ્રેટ એસ્કેપ રિસોર્ટ |
| તા. ૧૧ થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ | ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ આયોજિત હલો પાંજે વતન કચ્છ પ્રવાસ |
| તા. ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ થી ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી તેરા તીર્થ બને જિનાલયોનું ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૦૯ ફેબ્રુઆરી ૨૦૨૪ | વરાડીયા મા બિરાજમાન ડાઘા કુળદેવી શ્રી મોમઇ માતાજીની મુંબઈમા સળંગ ૩૩મી પહેડી લાભાર્થી શા. દામજી વેલજી ડાઘા (કોઈમ્બતુર) પરીવાર : મેવાડ કેશરી હોલ, ભાડુંપ. |
| તા. ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી રાપરગઢ તીર્થ-શ્રી ગોડીયા પાર્શ્વનાથજી જિનાલય દ્વિતીય ધ્વજારોહણ મહોત્સવ. |


# શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી કાર્યાલયમાં શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભગવાનની ફ્રેમનુ અનાવરણ




શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલીના કાર્યાલયમાં મંડળના પ્રમુખ શ્રી મહેન્દ્ર મેઘજી મોતા (વાડાપધર), ઉપપ્રમુખ શ્રી ચેતન લહેરચંદ નાગડા (નલીયા), સહ માનદમંત્રી શ્રી ધવલ ઉમેશ ખોના(સાંધવ),ખજાનચી શ્રી ભાવેશ રતિલાલ મોતા (કુવાપધર), સહ ખજાનચી શ્રી અમિત જેઠાલાલ ખોના (નલીયા), મંડળની વ્યવસ્થાપક સમિતિના સભ્યો, લાભાર્થી શ્રી રાયચંદ દેવશી જીવાણી (જખૌ- ડોંબિવલી), આમંત્રિત મહેમાનો, મિત્રો,સહ જ્ઞાતિજનોની હાજરીમાં માગશર સુદ ૮, રવિવાર, તા. ૦૮ ડિસેમ્બર ૨૦૨૪ સવારના ૧૧.૧૬ કલાકે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ દાદાની ફ્રેમનુ અનાવરણ કરી દર્શન માટે ખુલ્લી મુકવામાં આવી. સર્વે જ્ઞાતિજનોને દર્શન વંદનનો લાભ લેવા નમ્ર વિનંતી. મંડળ લાભાર્થી પરિવારની ભૂરી ભૂરી અનુમોદના સહ અભિવંદના કરે છે.

લાભાર્થી પરિવારને શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલીએ આપેલ લાભ બદલ પરિવારે આભાર વ્યક્ત કર્યો હતો.

# ભાવભીની શ્રદ્ધાંજલિ




**લીલાધર ખોના**
તા.૧૧ ડિસેમ્બર (ઉ.૯૧)
સુથરી-આદિપુર



**નિરંજનભાઈ નાગડા**
તા.૧૧ ડિસેમ્બર (ઉ.વ.૬૬)
જખૌ-આસનગાવ



**રજનીબેન મૈશેરી**
તા.૧૨ ડિસેમ્બર (ઉ.૬૪)
જખૌ-કલવા



**પિયૂષભાઈ નાગડા**
તા.૧૩ ડિસેમ્બર (ઉ.૫૨)
લાલા-જાલના

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● આજે કચ્છ જિલ્લો પ્રવાસન અને ઔદ્યોગિક હબ બનીને ઊભરી આવ્યો છે. કચ્છના ધોરડોને વર્લ્ડ બેસ્ટ ટુરિઝમ વિલેજનું ગૌરવ પ્રાપ્ત થયું છે. ધોરડોના રણોત્સવમાં વર્ષ ૨૨-૨૩ માં ૨.૪૨ લાખથી વધુ પ્રવાસીઓ સહભાગી થયાં હતાં. ચાર મહિના સુધી ચાલતા રણોત્સવથી સ્થાનિક લોકોને રોજગારી મળે છે.

● નવરાત્રિ ટાણે અનેક શહેરના સ્ટેજ એવા છે કે જ્યાં કોઈ કલાકાર ન હોતાં અન્ય સ્થળેથી કલાકાર બોલાવીને માતાજીની આરાધના સાથે નવરાત્રિની ભવ્ય રીતે ઉજવણી કરાય છે. માંડવી તાલુકાના કાંઠાળ ગામ કાઠડામાં ૧૦૦ થી વધુ કલાકારો છે. જે પૈકીના ૧૯ જેટલા કલાકારોએ અન્ય શહેર સ્થળે નવરાત્રિ ગજવી હતી. નીલેશભાઈ ગઢવી ડોંબિવલીમાં, કિષ્ણાભાઈ ગઢવી દુબઈ મધે, હિંમતદાન ગઢવી-પૂનમબેન ગઢવી મુંબઈમાં, લખન ગઢવી અંજાર, જાનવીબેન અર્જુન ગઢવી માંડવી, ઢોલ કલાકાર મહેશ પાલુ ગઢવી, વસંત ગઢવી ગાંધીધામ સ્થળે નવ દિવસ પોતાના કંઠ અને સંગીત કળાથી માતાજીની આરાધના સાથે લોકોને ડોલાવ્યા હતા. કચ્છનું આ પ્રથમ ગામ હશે જેના ૧૯ કલાકાર બુકિંગ થયા હશે.

● નખત્રાણા તાલુકાના નેત્રા ગામની કશિશ ભગવાન જોષીના રાષ્ટ્રીય સ્તરની કબડ્ડી સ્પર્ધા માટે પસંદગી થઈ છે. નખત્રાણાની જીએમડીસી કોલેજમાં ટી.વાય, બી.એ.ના પાંચમા સેમીસ્ટરમાં અભ્યાસ કરતી કશિશ કચ્છ યુનિવર્સિટીમાં યોજવામાં આવેલી ટુર્નામેન્ટને લીધે પસંદગી પામી છે અને મહારાષ્ટ્રના અમરાવતીમાં રમાનારી રાષ્ટ્રીય સ્તરની કબડ્ડી સ્પર્ધામાં ભાગ લેશે. રમતની પ્રવૃત્તિ અભ્યાસ સાથે એનસીસી પણ ચાલુ છે. તે કુશળતાને કારણે નેત્રા બાલિકા પંચાયતના સરપંચ પણ છે.

● રાપર તાલુકાના સેલારી ગામની સાંદીપની વિદ્યાલયમાં ૧૨મા ધોરણમાં અભ્યાસ કરતા ઈરફાન મીર નામનો વિદ્યાર્થી દરરોજ રાપર-આણંદ રૂટની એસટી બસમાં રાપરથી સેલારી અપ ડાઉન કરે છે. ઈરફાને એસ.ટી.બસમાં અપાતી સુવિધાને લઈને પોતે જે બસમાં અપડાઉન કરે છે તે રાપર આણંદ બસનું આબેહુબ મોડેલ બનાવી રાપર ડેપો મેનેજર જે.બી.જોષીને તેમની ઓફિસમાં જઈ એસ.ટી.રાપર ડેપોના કર્મચારીઓની હાજરીમાં આપ્યું હતું. રાજ્યના વાહન વ્યવહાર અને ગૃહમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા એક્સ પર મૂકી મોડેલની અને તેની બનાવનાર વિદ્યાર્થી ઈરફાન મીરના વખાણ કર્યા હતા. આ વિદ્યાર્થીના પિતા રિક્ષા ચલાવે છે.

● યુનેસ્કો દ્વારા પાંચ હજાર વર્ષ જૂની હડપ્પન સંસ્કૃતિના અવશેષો જ્યાં ધરબાયેલા છે તેને વિશ્વ ધરોહર તરીકે જાહેર કરાયા બાદ કુદરતી સંપદાનો ખજાનો ધરાવતા ખડીરના પ્રવાસનને નવી દિશા મળી છે. અત્રે સરકારી રાહે હજુ કોઈ સુવિધા વિકસી નથી પરંતુ ખાનગી રાહે પ્રવાસીઓને આકર્ષવા તંબુ નગરીનું નિર્માણ કરાયું છે. હાલે પ્રવાસીઓ હડપ્પન સંસ્કૃતિની સાઈટ નિહાળી ચાર-પાંચ કલાકના રોકાણ બાદ લોકો નીકળી જાય છે. રોડ ટુ હેવનનું બિરૂદ મેળવ્યું છે એવા અફાટ સફેદ રણ ખડીરના પ્રવાસન સ્થળો લોકો નિહાળી શકે અને રાત્રિ રોકાણ કરી ખડીર બેટના સૌંદર્યને માણી શકે તે માટે ધોરડો ખાતે તંબુ નગરી બનાવનારી ખાનગી કંપની દ્વારા ૧૫૦ થી વધુ ટેન્ટની ટેન્ટસિટીનું નિર્માણ કરાયું છે.

● ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન અને ફિડે દ્વારા ગુજરાતના તમામ ચેસ કોચ દ્વારા વિદ્યાર્થીઓને પધ્ધતિસર અને પાયાની સુદ્દઢ તાલીમ મળે તે હેતુસર અમદાવાદ જી.એસ.સી.બેંક ખાતે ફિડ ટ્રેનર્સ સેમિનારનું આયોજન કરાયું. જેમાં ૪૪ નિષ્ણાત ચેસ કોચને આમંત્રિત કરાયા હતા. આ સેમિનારમાં કચ્છના જાણીતા કોચ સંજય દાવડાને નિમંત્રિત કરાયા હતા. કચ્છના પ્રથમ ફિડે ટ્રેનર્સ અને સર્ટિફાઈડ ચેસ કોચ એવા સંજય દાવડાએ કચ્છ ગુજરાતની ૨૨૦ જેટલી શાળામાં સાંઈઠ હજાર જેટલા વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ચેસ શીખવાડી છે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA